# PH·D ENTRANCE TEST.
# MODERN QUESTION PAPER.
## SUBJECT:- GUJARATI.

પ્રશ્ન:૧ નીચેના પ્રશ્નોના યોગ્ય ઉત્તર દર્શાવતા વિકલ્પ પર વર્તુળની નિશાની કરો. ગુણ: ૪૦

---

1. સુરેશ જોષીનાં પુસ્તકોનો સાચો સમયક્રમ દર્શાવો.

A. કાવ્યચર્ચા, કથોપકથન, શ્રુણ્વન્તુ , કિંચિત , અરણ્યરુદન

B. કિંચિત , કથોપકથન, કાવ્યચર્ચા, શ્રુણ્વન્તુ , અરણ્યરુદન

C. કથોપકથન , કિંચિત , કાવ્યચર્ચા , અરણ્યરુદન , શ્રુણ્વન્તુ

D. કિંચિત , કાવ્યચર્ચા , કથોપકથન, શ્રુણ્વન્તુ, અરણ્યરુદન

2. કાન્તના 'વસન્ત વિજય'નો સંસ્કૃત સમશ્લોકી અનુવાદ કોણે કર્યો છે?

A . મનસુખલાલ ઝવેરી B. ઉમાશંકર જોશી C . ગૌરીપ્રસાદ ઝાલા D. સુંદરજી બેટાઇ

3. નીચેની વિગતોને આધારે યોગ્ય યુગ્મો રચો.

| અ | બ |
|---|---|
| 1 . ગોવર્ધનરામ : એક અધ્યયન | 1. બિપિન ઝવેરી |
| 2 . અખો : એક અધ્યયન | 2. રમણલાલ જોશી |
| 3. નરહરિની જ્ઞાનગીતા | 3. સુરેશ જોષી |
| 4. રમણભાઇ નીલકંઠ | 4. ઉમાશંકર જોશી |

( A ) 1-2 /2-4/3-3/4-1 ( B) 1-3/2-1/3-4/4-2 ( C) 1-4/2-2/3-1/4-3

( D)1-1/2-4/3-3/4-2

4 . 'ગુજરાતી સાહિત્યના માર્ગસૂચક સ્તંભો'-ના સર્જક કોણ?

(A) કે. કા. શાસ્ત્રી (B) વજલાલ શાસ્ત્રી

(C)કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી ( D)કનૈયાલાલ ઝવેરી

5.ટર્નર રેલ્ફ લિલીનું નામ ક્યા ક્ષેત્ર સાથે જોડાયેલું છે?

A) લોકકળા B)લોકસાહિત્ય C) ભાષાવિજ્ઞાન D)છંદશાસ્ત્ર

6. પારસી કવિ મલબારી અને હરિહર્ષદ ધ્રુવ કયા યુગના સર્જકો છે?

(A) પંડિતયુગ (B) ગાંધીયુગ (C) સુધારક યુગ (D) આધુનિક યુગ

7. ગુજરાત વિશેના 'ગુર્જરી ભૂ' કાવ્યના કવિ કોણ?

(A) ખબરદાર (B) નર્મદ (C) ઉમાશંકર જોશી (D)સુન્દરમ્

8.નીચેની વિગતોના આધારે યોગ્ય યુગ્મો રચો.

| | |
|---|---|
| 1 ચિત્રવિલોપન | 1શેષ |
| 2 પરાજય | 2હરીશ્ચન્દ્ર ભટ્ટ |
| 3 શાપસંભ્રમ | 3 નર્મદાશંકર ભટ્ટ |
| 4 તુકારામનું સ્વર્ગારોહણ | 4 નરસિંહરાવ દિવેટિયા |

(A) 1-2/2-3/3-1/4-4 (B) 1-4/2-2/3-3/4-1 (C) 1-3/2-4/3-1/4-2

(D)1-1/2-3/3-2/4-4

9. 'કુરુક્ષેત્ર' કોની કાવ્યકૃતિ છે?

(A) સુરેશ જોષી (B)વેદ વ્યાસ (C) પતીલ (D) ન્હાનાલાલ

10. નીચેનામાંથી કયો વિકલ્પ અસંગત છે?

A) અશ્વત્થામા - નલિન રાવળ - દીર્ઘકાવ્ય

B) અશ્વત્થામા - મધુ રાય - એકાંકી

C) અશ્વત્થામા, મનસુખલાલ ઝવેરી ,ખંડકાવ્ય

D) અશ્વત્થામા, ઉમાશંકર જોષી ,પદ્યનાટક

11.આનંદવર્ધન, કુંતક ,મમ્મટ જેવા ભારતીય મીમાંસકોના ગ્રંથોનો અનુવાદ કોણે કર્યો?

(A)રામપ્રસાદ બક્ષી (B) પ્રબોધ પરીખ (C) નગીનદાસ પારેખ (D) રસિકલાલ ઝવેરી

12 . 'લોકસાહિત્ય શબ્દકોશ'ના કર્તા જણાવો.

(A)નિરંજના વોરા (B) બંસીધર શુક્લ (C)હસુભાઇ યાજ્ઞિક (D)જેઠાલાલ ત્રિવેદી

13. નીચેની વિગતોને આધારે યોગ્ય યુગ્મો રચો.

| | |
|---|---|
| 1) મધ્વરણ્ય | 1) ર.વ.દેસાઇ |
| 2) જીવનનું પરોઢ | 2) ક.મા.મુનશી |
| 3) અમૃતદીક્ષા | 3) ગુલાબદાસ બ્રોકર |
| 4) મધ્યાહ્નનાં મૃગજળ | 4) પ્રભુદાસ ગાંધી |

(A)1-3/2-1/3-4/4-2 (B) 1-2/2-4/3-3/4-1 (c) 1-4/2-2/3-1/4-3

(D)1-1/2-4/3-2/4-3

14. 'અખંડ સૌભાગ્યવતી' ચલચિત્ર કોની વાર્તાને આધારે રચાયેલું છે?

(A)વિનોદિની નીલકંઠ (B)પન્નાલાલ પટેલ (C) ચુનિલાલ મડિયા (D) શયદા

15.ગુજરાતી પત્રકારત્વનો આરંભ કયા પત્ર દ્વારા થયો?

(A ) મુંબઇ સમાચાર (B) જામે જમશેદ (C)મુંબઇ ચાબુક (D) શ્રી મુંબઇ સમાચાર

16 . **ગિરિના પ્રાંતમાં બાંધી પર્ણકુટી દ્વય**

**બંને.. ... .. . ...કરતાં કાલ ત્યાં ક્ષય** - આ પંક્તિમાં ખાલી જગ્યા પૂરો.

અ) રાજ્ઞી તથા રાજા બ) રાણી તથા રાજા ક) રાજ્ઞી તથા રાય ડ) રાણી તથા રાય

17. યોગ્ય યુગ્મો રચો.

ક) બ.ક.ઠાકોર    ૧)છેલ્લુ દર્શન

ખ) બાલમુકુન્દ દવે    ૨) વતનથી વિદાય

ગ) જયંત પાઠક    3) જૂનું ઘર ખાલી ...

ઘ) શેષ    ૪) મોગરો

અ) ક-૪ , ખ-૨ ,ગ-૩,ઘ-૧    બ) ક-૪ ,ખ-3 ,ગ-૨ ,ઘ-૧

ક) ક-3 ,ખ-૨ ,ગ-૪,ઘ-૧    ડ) ક-૨, ખ-3 ,ગ-૧, ઘ-૪

18. નીચેનાં વિધાનોની યથાર્થતા જણાવો.

વિધાન-૧ ભાષા શીખવા માટે ભાષાનું વ્યાકરણ શીખવું જોઈએ.

વિધાન-૨ વ્યાકરણ આવડે તો ભાષા આવડે.

અ) બન્ને વિધાનો સાચાં છે    બ) બન્ને વિધાનો ખોટાં છે

ક) વિધાન ૧ સાચું અને ૨ ખોટું    ડ) વિધાન ૧ ખોટું અને ૨ સાચું

19. નીચેનાં વિધાનોની યથાર્થતા જણાવો.

વિધાન-૧ બોલી સામાજિક વ્યવહારની વિશાળતા સિધ્ધ કરે છે.

વિધાન-૨ ભાષા વર્ગ વિશેષનું વ્યકિતત્વ જાળવે છે.

અ) બન્ને વિધાનો સાચાં છે    બ) બન્ને વિધાનો ખોટાં છે

ક) વિધાન ૧ સાચું અને ૨ ખોટું    ડ) વિધાન ૧ ખોટું અને ૨ સાચું

20. 'સામે' પદ નામયોગીનું કાર્ય કરતું હોય તેવું વિધાન જણાવો.

અ) સામે કોણ આવ્યું?    બ) મારા ઘરની સામે દુકાન છે

ક) સામે ઘરે પ્રસંગ છે.    ડ) સામેથી બોલાવે છે.

21. 'કંઠ'શબ્દમાં કયો અનુનાસિક છે?

અ) ન    બ) મ    ક) ણ    ડ) ઙ

22. યોગ્ય યુગ્મો રચો.

| | |
|---|---|
| ૧) યથોચિત | 1) મધ્યમપદલોપી સમાસ |
| ૨)ઘોડાગાડી | 2) અવ્યયીભાવી સમાસ |
| ૩)પ્રભુપ્રેર્યું | 3) ઉપપદ |
| ૪) સુજ્ઞ | 4) તત્પુરુષ સમાસ |

અ) ૧-1 , ૨-2 , 3-3 , ૪-4 બ) ૧-2, ૨-3 , 3-4, ૪-1

ક) ૧-3 , ૨-4 , 3-1 , ૪-2 ડ) ૧-2 , ૨-1 , 3-4 , ૪-3

23. નીચેનામાંથી કયા કવિ નર્મદ યુગના છે?

અ) કવિ હીરાચંદ કાનજી બ) છોટાલાલ નરભેરામ ભટ્ટ

ક) રૂપશંકર ઉદયશંકર ડ) ત્રિભુવન પ્રેમશંકર

24. 'ન સ મ ર સ લ ગા' કયા છંદનું બંધારણ છે?

અ) પૃથ્વી બ) મંદાક્રાન્તા ક) હરિણી ડ) શિખરિણી

25. ભાષાના સંકેતોની કઈ વિશેષતા નથી?

અ) પ્રતીકાત્મકતા બ) યાદચ્છિકતા ક) શ્રાવ્ય-વાચ્ય ડ) અભિવ્યંજના

26. નીચેનાં વિધાનોની યથાર્થતા જણાવો.

વિધાન-૧ ઉપમેય અને ઉપમાનને સરખાવવાનો પ્રયત્ન કર્યો હોય તો ઉત્પ્રેક્ષા અલંકાર થાય.

વિધાન-૨ ઉપમેય અને ઉપમાનની એકરૂપતા હોય તો રૂપક અંલકાર થાય.

અ) બન્ને વિધાનો સાચાં છે બ) બન્ને વિધાનો ખોટાં છે

ક) વિધાન ૧ સાચું અને ૨ ખોટું ડ) વિધાન ૧ ખોટું અને ૨ સાચું

27. બુંદેલી બોલી કયાં બોલાય છે?

અ) રાજસ્થાન બ) હરિયાણા ક) મધ્યપ્રદેશ ડ) ગઢવાલ

28. વિધાનોની યથાર્થતા જણાવો.

વિધાન-૧ 'કંપ' શબ્દમાં 'ક' અનુનાસિક છે.

વિધાન-૨ 'કાંપ'શબ્દ સાનુનાસિક છે.

અ) બન્ને વિધાનો સાચાં છે બ) બન્ને વિધાનો ખોટાં છે

ક) વિધાન ૧ સાચું અને ૨ ખોટું ડ) વિધાન ૧ ખોટું અને ૨ સાચું છે.

29). આપેલી માહિતી સંદર્ભે કયું વિધાન સાચું છે?

વિધાન : ૧ : 'કવિતા શિક્ષણ' અને 'લિરિક' બ.ક.ઠાકોરના વિવેચન ગ્રંથો છે.

વિધાન : ૨ : 'કવિતાવિચાર' નરસિંહરાવ દિવેટિયાનું પુસ્તક છે.

અ)બન્ને વિધાન સાચાં છે. બ)બન્ને વિધાન ખોટાં છે

ક) વિધાન ૧ સાચું અને ૨ ખોટું ડ) વિધાન ૧ ખોટું અને ૨ સાચું

30)સંયુક્ત વ્યંજનનું સરલીકરણ કઇ ભાષા ભૂમિકામાં થાય છે?

અ) ગુજરાતીની પ્રથમ ભૂમિકા બ) પ્રાચીન ભારતીય આર્યભાષા

ક) ગુજરાતીની દ્વિતીય ભૂમિકા ડ) ગુજરાતીની તૃતીય ભૂમિકા

31). ગુજરાતી ગ્રંથાવલોકનનો પ્રારંભ કોણે કર્યો?

A) નર્મદ B) નવલરામ C) દલપતરામ D) બ.ક.ઠાકોર

32) 'નવલગ્રંથાવલિ'નું સંપાદન નીચેનામાંથી કોણે નથી કર્યું?

A).ગોવર્ધનરામ B) હીરાલાલ શ્રોફ C) નરહરિ પરીખ D)મૂળજી લાલજી

33). 'કવિતા અને સાહિત્ય'ના કયા ભાગમાં રમણભાઇ નીલકંઠનો હાસ્યરસ વિશેનો નિબંધ છે?

A) પ્રથમ B) બીજા C) ચોથા D) તીજા

34) અસંગત વિગતજૂથ જણાવો.

અ) ફાર્બસ ત્રૈમાસિક ,વડોદરા

બ) નવનીત સમર્પણ ,મુંબઇ

ક) તથાપિ , વડોદરા

ડ) લોકગુર્જરી ,રાજકોટ

35) અસંગત વિગતજૂથ જણાવો.

અ) માનવીની ભવાઈ,મૈલા આંચલ ,ગણદેવતા

બ) ઇલિયડ,પેરેડાઈઝ લૉસ્ટ ,ડિવાઈન કોમેડી

ક) ડોન ક્વીકઝોટ,મેટામોર્ફીસિસ,સિધ્ધાર્થ

ડ) મરચન્ટ ઓફ વેનિશ ,હેમલેટ ,મેકબેથ

36) નીચે જણાવેલ વિધાનોની યથાર્થતા તપાસો.

વિધાન-૧ ' દુલેરાય કારાણીએ ઉત્તર ગુજરાતના લોકસાહિત્યનું સંપાદન કર્યું છે.'
વિધાન-૨ 'ઈન્દુબેન પટેલ હાલ ગુજરાતી લોકસાહિત્ય ક્ષેત્રે સંશોધન કરી રહ્યાં છે.'

અ) બન્ને વિધાન સાચાં છે. બ) બન્ને વિધાન ખોટાં છે

ક) વિધાન ૧ સાચું અને ૨ ખોટું ડ) વિધાન ૧ ખોટું અને ૨ સાચું

37) નીચેનાં વિધાનોની યથાર્થતા જણાવો.

વિધાન-૧ પ્રેમચંદે પોતાના સાહિત્યમાં આર્દશોન્મુખ યથાર્થનું આલેખન કર્યું છે.

વિધાન-૨ મહાશ્વેતાદેવી મધ્યકાલીન સાહિત્યનાં વિદૂષી છે.

અ) બન્ને વિધાન સાચાં છે. બ) બન્ને વિધાન ખોટાં છે

ક) વિધાન ૧ સાચું અને ૨ ખોટું ડ) વિધાન ૧ ખોટું અને ૨ સાચું

38) નીચેની વિગતોનો યોગ્ય કાલક્રમ દર્શાવો.

અ) કાવ્યાદર્શ , કાવ્યપ્રકાશ , રસગંગાધર , સાહિત્યદર્પણ

બ) કાવ્યપ્રકાશ , કાવ્યાદર્શ , રસગંગાધર , સાહિત્યદર્પણ

ક) સાહિત્યદર્પણ, કાવ્યાદર્શ , કાવ્યપ્રકાશ , રસગંગાધર

ડ) કાવ્યદર્શ, સાહિત્યદર્પણ, કાવ્યપ્રકાશ , રસગંગાધર

39) યોગ્ય યુગ્મો રચો.

| યાદી-1 | યાદી-2 |
|---|---|
| ચ) પ્લેટો | ૧) ગ્રીસ |
| છ)એલિયટ | ૨) ઇંગ્લેન્ડ |
| જ) ક્રોચે | 3) ઇટાલી |
| ઝ) રોલાં બાર્થ | ૪) ફ્રાન્સ |

અ) ચ-૨ , છ-3 , જ-૪, ઝ-૧ બ) ચ-૧ , છ-૨ , જ-3 , ઝ-૪

ક)ચ-3, છ-૪, જ-૧ , ઝ-૨ ડ) ચ-૪, છ-૨ , જ-૧, ઝ-3

40) યોગ્ય યુગમો રચો.

| યાદી-1 | યાદી-2 |
|---|---|
| ચ) શબ્દાર્થૌ સહિતૌ કાવ્યમ્ | ૧. કાવ્યાલંકારસૂત્રવૃતિ |
| છ) રીતિરાત્મા કાવ્યસ્ય | ૨. કાવ્યાલંકાર |
| જ) વાક્ય રસાત્મકં કાવ્યમ્ | 3. સાહિત્યદર્પણ |
| ઝ) કાવ્યંયશશે અર્થકૃતે..... | ૪. કાવ્યપ્રકાશ |

અ) ચ-૨ , છ-૧ , જ-3 , ઝ-૪ બ) ચ-૧ , છ-૨ , જ-3 , ઝ-૪

ક) ચ-3 , છ-૧ , જ-૨ , ઝ-૪ ડ) ચ-૪, છ-3 , જ-૧, ઝ-૨

પ્રશ્નઃ ૨ નીચેના વસ્તુલક્ષી પ્રશ્નોના ઉત્તર આપો. ગુણ : ૧૦

1. ર.વિ.પાઠકકૃત 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનાં વહેણો' નો રચનાસમય જણાવો.

2. પેથેટિક ફેલસી'માટે 'ઊર્મિજન્યભાવાભાસ' શબ્દ કોણે પ્રયોજ્યો હતો?

3 . વિશ્વસાહિત્યની વિભાવનામાં કયા ભારતીય સાહિત્યકારનું વિશેષ પ્રદાન છે?

4. તુલનાત્મક સાહિત્યનું જ સ્વતંત્ર ડિપાર્ટમેન્ટ ભારતમાં અને ગુજરાતમાં ક્યાં કયાં આવેલું છે?

5. ટી.એસ.એલિયટે ચર્ચેલા કવિતાના ત્રણ સૂર જણાવી કોઇ એક સૂરનું ઉદાહરણ આપો.

6. ગુજરાતી ભાષામાં રચાયેલ મહત્ત્વનાં બે કરુણ પ્રશસ્તિ કાવ્યોનાં અને તેના સર્જકોનાં નામ જણાવો..

7. શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રના મુખપત્રનું નામ જણાવો.

8. ચરોતર પ્રદેશમાં થઇ ગયેલા કોઇ બે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યકારોનાં નામ આપો.

૯. સાહિત્યમાં નોબેલ પારિતોષિક પ્રાપ્ત કરનાર બે સર્જકોનાં નામ જણાવો.

10. ભારતીય વિદ્યાભવન સાથે જોડાયેલ સાહિત્યકારોનાં નામ જણાવો.

પ્રશ્નઃ 3 વિભાવનાલક્ષી પ્રશ્નોના ઉત્તર આપો. (ગુણ : ૨૫)

1) લાંગ અને પરોલ

2) વિચારપ્રધાન કવિતા

3) સંશોધન અને વિવેચન

4) પાઠસંપાદન

5) સંશોધનમાં પાદટીપનું મહત્ત્વ

પ્રશ્ન :૪ નીચેનામાંથી કોઇ પણ એક વિષય અંગે 'સંશોધન-પ્રસ્તાવ'(Research Proposal) તૈયાર કરો.

ગુણ: ૨૫

અ. આંતરવિદ્યાકીય સંશોધન

બ આંતરકળાકીય સંશોધન